૪૬.૫૩ કરોડ ખર્ચે બનેલી હોસ્પિટલમાં તબીબો સહિતની સુવિધાઓનો અભાવ

૧૦૦ બેડની ક્ષમતા સ્ટાફ ૫૦ બેડનો જ

રેડિયોલોજિસ્ટ અને માનસિક રોગના નિષ્ણાતનું મહેકમ મંજૂર કરવા ઉગ્ર માંગ

સોનોગ્રાફી મશીન ન હોવાથી દર્દીઓને બહાર ખર્ચો કરવા મજબૂર બનવું પડે છે

ઘેજ : ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ૪૬.૫૩ કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન બિલ્ડીંગના નિર્માણ બાદ હજુ પણ અનેક સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ખૂટતી તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તે જરૂરી છે. એસડીએચનું બિલ્ડીંગ ૧૦૦-બેડની ક્ષમતવાળું પરંતુ હજુ પણ મહેકમ માત્ર ૫૦-બેડનું જ હોવાથી સુવિધાની મોકાણ સર્જાઈ છે. જો કે વહીવટકર્તાઓ દ્વારા ૧૦૦-બેડના મહેકમ માટે દરખાસ્ત કરવામાં આવી છે.

એસડીએચ હોસ્પિટલમાં હાલે પાંચ મેડિકલ ઓફિસરો છે. જેમાં એક કરાર આધારિત છે. જનરલ સર્જનની જગ્યા પણ કાયમી ધોરણે ભરાઈ નથી. જોકે ફિઝિશિયન, ઓર્થોપેડિક, બાળરોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, એનેસ્થેટીસ્ટ, આંખના નિષ્ણાંત કાયમી છે. આ ઉપરાંત માનસિક રોગ અને રેડીયોલોજિસ્ટની જગ્યા ઉપર પણ બોન્ડેન્ડ ડોક્ટરો હોય એ ડોક્ટરો ટૂંકા ગાળામાં બદલાતા રહેતા હોય છે. જો કે હજુ રેડીયોલોજિસ્ટ અને માનસિક રોગના તબીબ માટેનું મહેકમ જ નથી તો બીજી તરફ સોનોગ્રાફી મશીન પણ ઉપલબ્ધ નથી એટલે સોનોગ્રાફીની જરૂરિયાત હોય તેવા દર્દીઓએ બહાર જવું પડતું હોય છે.

SDH હોસ્પિટલ અધિક્ષક દોઢ વર્ષથી ઇન્ચાર્જ

એસડીએચ હોસ્પિટલમાં અધિક્ષક પણ છેલ્લા દોઢ વર્ષથી ઇન્ચાર્જ છે. હકીકતમાં આટલી મોટી હોસ્પિટલના સુચારૂ સંચાલન માટે હોસ્પિટલના વડાની જગ્યા પર પણ કાયમી નિમણૂકની આવશ્યકતા છે પરંતુ તે પણ ઇન્ચાર્જના ભરોસે ચાલી રહી છે.

પેથોલોજીસ્ટ જ કાયમી ધોરણે નથી

સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની લેબોરેટરીમાં પેથોલોજિસ્ટની કાયમી નિમણૂક સાથે લેબોરેટરીનું આધુનિકરણ પણ જરૂર છે. દર્દીના લોહી, પેશાબના તમામ પ્રકારના જટિલ રિપોર્ટ અને રોગોના સચોટ નિદાન માટે લેબોરેટરીનું ખૂબ મહત્વ હોય છે પરંતુ નવાઈની વાત એ છે કે પેથોલોજીસ્ટ જ કાયમી ધોરણે નથી અને હાલે પ્રતિનિયુક્તિથી ગાડું ગબડાવાઇ રહ્યું છે.

આઈસીયુ માટે અલગથી તબીબ, નર્સ સહિતનો સ્ટાફ નથી

હોસ્પિટલ ના નવા બિલ્ડિંગમાં આઇસીયુની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ આઈસીયુ માટે અલગથી તબીબ, નર્સ સહિતનો સ્ટાફ ઉપલબ્ધ નથી અને આઇસીયુ સાથે તેને સંલગ્ન લેબોરેટરી પણ ઉપલબ્ધ હોય તો ક્રિટિકલ સ્થિતિમાં દર્દીઓને જરૂરી સારવાર આ હોસ્પિટલમાં મળી શકે નહીં તો અન્ય હોસ્પિટલમાં રીફર કરવા સિવાય કોઈ છૂટકો રહેતો નથી.

દાતાઓએ આપેલા ઓક્સિજન પ્લાન્ટ પણ સાચવી નહીં શક્યા

કોરોના સમયે ત્રણેક જેટલા ઓક્સિજન માટે પ્લાન્ટ દાતાઓના સહયોગથી નાખવામાં આવ્યા હતા. તે પૈકી હાલે એક જ ચાલુ હોવાનું અને બાકીના બે ને ચાલુ કરવાનો ખર્ચ પણ વધુ હોવાનું જાણવા મળ્યું હતું. જો કે હાલે ઓક્સિજનની પૂરતી સુવિધા છે પરંતુ કટોકટીની સ્થિતિ ઊભી થાય તો તેવામાં આ બંધ પ્લાન્ટો પણ ચાલુ હાલતમાં હોવા જરૂરી છે.

નકલી નોટો છાપનારને ૧૦ વર્ષની કેદની સજા

ઘરમાંથી રૂપિયા ૧૦૦ અને રૂપિયા ૨૦૦ના દરની બનાવટી નોટો તથા કલર પ્રિન્ટર મળ્યું હતું

નવસારી: ચલણી નોટોની બનાવટ કરી નાણાકીય વ્યવસ્થા સાથે ચેડાં કરવાના ગંભીર ગુનામાં નવસારી સેશન્સ અદાલતે ચીખલી તાલુકાના તલાવચોરામાં ચલણી નોટો તૈયાર કરનાર તેજશ સુરેશભાઈ ચૌહાણને દોષિત ઠેરવી ૧૦ વર્ષની કેદની સજા સંભળાવી છે.

નવસારી એસ.ઓ.જી.ની ટીમે તલાવચોરા ગામના મોટા ફળિયામાં દરોડો પાડ્યો હતો. પોલીસની તપાસ દરમિયાન આરોપી પાસેથી રૂપિયા ૧૦૦ અને રૂપિયા ૨૦૦ના દરની બનાવટી નોટો મળી આવી હતી. વધુ તપાસમાં તેના ઘરમાંથી નોટો છાપવા માટે ઉપયોગમાં લેવાતું કેનન કંપનીનું કલર પ્રિન્ટર, કાગળો, કાતર, કાર્ટિજ સહિતની સામગ્રી મળી આવતાં પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ચીખલી પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો.

ત્યારબાદ આ મામલો અદાલતી કાર્યવાહી માટે પહોંચ્યો હતો. સેશન્સ જજ પી.એચ. શેઠની અદાલતમાં ચાલેલી સુનાવણી દરમિયાન પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં પોલીસ સાક્ષીઓની જુબાની, પ્રિન્ટરની ખરીદીના દસ્તાવેજો તેમજ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના અભિપ્રાયને મહત્વ આપવામાં આવ્યું હતું. અદાલતે સમગ્ર આરોપીને ૧૦-૧૦ વર્ષની કેદ અને પ્રત્યેક કલમ હેઠળ રૂપિયા ૩,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. જોકે, તમામ સજાઓ એકસાથે ભોગવવાનો આદેશ હોવાથી આરોપીએ કુલ ૧૦ વર્ષની કેદ ભોગવવાની રહેશે.

વહીવટી અને વિકાસલક્ષી વિવિધ દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી

દૂધિયા તળાવના સિનિયર સિટીઝન પાર્કનું આધુનિકીકરણ કરાશે

નવસારી મનપાલિકાની સામાન્ય સભામાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા

પાર્ક હવે સવારે ૫ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે

નવસારી: શહેરના નાગરિકો માટે જાહેર સુવિધાઓમાં વધારો કરવાની દિશામાં નવસારી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ૩૦ ઓક્ટોબરના રોજ મેયર અશોકભાઈ ધોરાજીયાના અધ્યક્ષસ્થાને દેવીના પાર્ક સ્થિત ટાઉન હોલમાં મળેલી બેઠકમાં વિવિધ વહીવટી અને વિકાસલક્ષી દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, જેને સભામાં સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકનું મુખ્ય આકર્ષણ શહેરના દુધિયા તળાવ ખાતે આવેલા સિનિયર સિટીઝન પાર્કના નવીનીકરણ અને આધુનિકીકરણની દરખાસ્ત રહી હતી. વરિષ્ઠ નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળી રહે તેમજ શહેરના નાગરિકો માટે આ સ્થળ વધુ ઉપયોગી બને તે હેતુથી પાર્કને અપગ્રેડ કરવાની કામગીરીને લીલી ઝંડી આપવામાં આવી હતી.

આ સાથે પાર્કના સંચાલનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે સિનિયર સિટીઝન પાર્ક સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. જેના કારણે વહેલી સવારે ચાલવા આવતા નાગરિકો તેમજ સાંજના સમયે ફરવા આવતા લોકોને વધુ અનુકૂળતા મળશે.

ભાડેથી વાહન મેળવવા માટેની દરખાસ્તને મંજૂરી મળી

આ ઉપરાંત મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને આકસ્મિક જરૂરિયાત ઊભી થાય ત્યારે ભાડેથી વાહન મેળવવા માટેના દરો નક્કી કરવાની દરખાસ્તને પણ મંજૂરી મળી હતી. વાહન વ્યવહાર સમિતિના સભ્યની નિમણૂકને પણ સભાએ માન્યતા આપી હતી. સામાન્ય સભામાં ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.યુ. વસાવા, સેક્રેટરી વિભાગના અધિકારીઓ અને કોર્પોરેટરો હાજર રહ્યા હતા. બેઠકમાં મંજૂર થયેલા કામોનો અમલ થાય તો શહેરની જાહેર સુવિધાઓમાં વધુ સુધારો થવાની અપેક્ષા છે.

વિવિધ પ્રશ્નો મુદ્દે ભાજપ-કોંગ્રેસ સભ્યો વચ્ચે તું..તું..મેં..મેં.. સર્જાતા સભા ગરમાઇ

પારડી પાલિકાની સામાન્ય સભા હોબાળા અને વિવાદોવાળી બની

ડમ્પિંગ સાઈડ પર અકસ્માતમાં બાળકનું મોત થતાં કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની માંગ

અમૃત પટેલ

પારડી : પારડી નગરપાલિકાની મળેલી સામાન્ય સભા વિકાસના કાર્યોને મંજૂરી આપવાની સાથે-સાથે વિવિધ મુદ્દે પ્રશ્નો અને હોબાળાને કારણે ભારે ચર્ચામાં રહી હતી. સભાની શરૂઆતમાં શહીદ જવાન અને ડમ્પિંગ સાઈડ પર અકસ્માતમાં મોતને ભેટેલા બાળકને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. ત્યારબાદ વિપક્ષી સભ્યોએ પાલિકાના વહીવટ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

પારડી પાલિકાના પ્રમુખ ચેતન નાયકના અધ્યક્ષસ્થાને મળેલી આ સામાન્ય સભામાં ચીફ ઓફિસર કોમલબેન, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ સહિત ભાજપ અને કોંગ્રેસના તમામ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆતમાં અગાઉની સામાન્ય અને કારોબારી સભામાં લેવાયેલા રસ્તા, પાણી, ગટર અને આવાસ જેવા વિવિધ વિકાસલક્ષી કામોના ઠરાવોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

આ દરમિયાન ડમ્પિંગ સાઈડ પર અકસ્માતમાં થયેલા બાળકના મૃત્યુ અંગે કોંગ્રેસના સભ્યો બિપીનભાઈ પટેલ અને પરવેઝ તાઈ દ્વારા સંબંધિત કોન્ટ્રાક્ટરને બ્લેક લીસ્ટ કરવાની માંગ કરવામાં આવી હતી. જેના જવાબમાં પ્રમુખ અને ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે આ મામલો તપાસ હેઠળ છે અને પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

કોંગ્રેસના સભ્ય દ્વારા આરોગ્ય વિભાગના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર સામે ઉચાપતના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા હતા. આ મામલો લાંબો ચાલતા એકાઉન્ટન્ટ પાસે ખુલાસો માંગવામાં આવતા મેહુલ પરમાર દ્વારા રૂપિયા 90,000 જમા કરાવ્યા હોવાનું સામે આવ્યું હતું.

બાદમાં ખરીદી કરવામાં આવેલી કચરાપેટી બાબતે ચીફ ઓફિસર પાસે જવાબ માંગ્યો હતો. કોંગ્રેસના બિપિન પટેલ, પરવેઝ તાઈ સહિત સભ્યોએ ખરીદી અંગેની જાણકારી આપવા માટે વિરોધ કર્યો હતો અને સભાખંડમાં નીચે બેસી અનોખો વિરોધ કર્યો હતો.

સભા દરમિયાન વોટર વર્કસના ચેરમેન જીગ્નેશ પટેલ, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, જીગ્નેશ માંગેલા અને કોંગ્રેસના સભ્ય પરવેઝ તાઈ વચ્ચે તળાવમાં બની રહેલા પાર્ટી પ્લોટ મુદ્દે તું-તું મેં-મેં ના દ્રશ્યો સર્જાતા સભા ગરમાઈ હતી.

સંક્ષિપ્ત સમાચાર

નાનાપોંઢામાં 'નંદ ઘર આંગણવાડી' અને ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ

વલસાડ : કપરાડાના ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીના હસ્તે નાનાપોંઢા લુહાર ફળિયામાં ગુજરાત એનર્જીના સહયોગથી નિર્મિત આધુનિક 'નંદ ઘર આંગણવાડી' અને નવનિર્મિત નાનાપોંઢા ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્યે જણાવ્યું હતું કે, બાળકોનું સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ એ સુવિકસિત સમાજના નિર્માણનો પાયો છે. નંદ ઘર જેવી આધુનિક આંગણવાડીઓ ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને શિક્ષણ, આરોગ્ય અને પોષણની વધુ સારી સુવિધાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉપરાંત નવી ગ્રામ પંચાયત કચેરીના નિર્માણથી સ્થાનિક નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી અને સુવિધાજનક રીતે ઉપલબ્ધ થશે. આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, આગેવાનો, અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

વલસાડમાં કોલેજ ઓફ ફાર્મસીનું લોકાર્પણ

વલસાડ : નાણાંમંત્રી કનુભાઇ દેસાઈના હસ્તે વલસાડની શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી રેખાબેન કિશનભાઇ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, ઉકા તરસાડીયા યુનિવર્સિટીના સીઈઓ ડો. દિનેશ શાહ, ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા ઉપસ્થિત રહ્યા હતા. કેળવણી મંડળના પ્રમુખ સ્વાતિબેન લાલભાઈ અને કિશનભાઇ દેસાઈ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું. કોલેજના દાતા પરિવાર કિશનભાઇ દેસાઈ, મેહુલભાઈ દેસાઈ, શિવાનીબેન દેસાઈ અને આર્યનનું સન્માન મંડળ દ્વારા શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાયરેક્ટર દીપેશ શાહે કોલેજના નિર્માણ અને કોલેજ અંગે માહિતી આપી હતી. આ માતબર દાન બદલ કિશનભાઇ અને પરિવારનો આભાર માન્યો હતો. અંતે આભારવિધિ મંડળના માનદ મંત્રી કીર્તિભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવી હતી.

પરૂજણ ગામ પાસે બાઇક અકસ્માતમાં પુણેના આધેડનું મોત

નવસારી : જલાલપોરના પરૂજણ ગામ નજીક રાત્રિના સમયે બાઇક સ્લીપ થઈ જતાં સર્જાયેલા ગંભીર અકસ્માતમાં મૂળ પુણેના અને હાલ જલાલપોર સિક્યુરિટી રૂમમાં રહેતા પ્રકાશ રાવસાહેબ પાટીલ (ઉં.વ. ૫૧) નું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ૨૭ ઓક્ટોબરની રાત્રે તેઓ મોટરસાઇકલ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે સાંઈબાબા મંદિર પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં તેમને ગંભીર ઇજાઓ થતાં સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે કોન્ટ્રાક્ટર જગમોહનસિંહ સેંગરે મરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ખેરગામના વિકાસને રૂપિયા ૩૨ કરોડની 'દિવાળી ભેટ'

રૂપિયા ૨૧ કરોડની ગટર યોજના અને પાણીની નવી લાઇન સહિતના પ્રોજેક્ટ્સને મંજૂરી

ગામમાં ડેકોરેટિવ સ્ટ્રીટલાઇટ, તળાવનું બ્યુટિફિકેશન સહિતના કાર્યોનો સમાવેશ કરાયો

ખેરગામ : ખેરગામમાં વર્ષોથી ગ્રામજનોની માથાના દુખાવા સમાન બનેલી ભૂગર્ભ ગટર યોજનાની માંગણીને આખરે રાજ્ય સરકારનો હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

ખેરગામ માટે આશરે રૂપિયા ૩૨ કરોડના વિવિધ વિકાસકાર્યોના ડેવલપમેન્ટ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) ને રાજ્યકક્ષાની સમિતિમાં મંજૂરી આપવામાં આવતાં ખેરગામવાસીઓમાં આનંદની લહેર પ્રસરી ગઈ છે. દિવાળીના તહેવાર પૂર્વે મળેલી આ વિકાસની ભેટથી ગામમાં જાણે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો અને ગ્રામજનોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી.

ખેરગામમાં આશરે રૂપિયા ૨૧ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના ઉપરાંત રૂપિયા ૪ કરોડના ખર્ચે સમગ્ર ગામમાં પીવાના પાણી માટે નવી પાઈપલાઈન, 10 વર્ષ સુધી મેન્ટેનન્સ અને પાણી વિતરણની આધુનિક વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. સાથે જ ગામમાં ડેકોરેટિવ સ્ટ્રીટલાઈટ, તળાવનું બ્યુટિફિકેશન સહિતના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્ષો જૂની ડ્રેનેજ સમસ્યાનો અંત

ખેરગામમાં ભૂગર્ભ ગટરના અભાવે લાંબા સમયથી વિકટ બનેલી ડ્રેનેજ સમસ્યાને કારણે અવારનવાર વિવાદો થતા હતા. આ પ્રશ્ને આગેવાનો દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી રજૂઆતો થતી હતી. છેલ્લા એક વર્ષથી 'મોડેકો' (MODECO) અને ગ્રામીણ આગેવાનોએ નાણામંત્રી કનુભાઈ દેસાઈ તેમજ આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલ સમક્ષ સતત પ્રયાસો અને રજૂઆતો કરી આ યોજનાની અનિવાર્યતા સમજાવી હતી. આ સંગઠિત પ્રયાસોના પરિણામે રાજ્ય સરકારે આશરે રૂ. ૩૨ કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટ રિપોર્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જેમાં રૂ. ૨૧ કરોડની ભૂગર્ભ ગટર અને પીવાના પાણીની નવી પાઇપલાઇન સહિતના કાર્યો સામેલ છે. આ નિર્ણયથી ખેરગામના સર્વાંગી વિકાસની નવી આશા જાગી છે.

ત્રણ મહિલા વૃદ્ધાના દાગીના પડાવી ગઈ

એટીએમ અંગે પૂછપરછના બહાને શરૂ કરી વાતચીત, શિવ મંદિર પાસે લઈ જઈ સોનાની ચેઈન, કાનની કડી અને વીંટી ઉતરાવી લીધી

નવસારી: વિજલપોર વિસ્તારમાં અજાણી મહિલાઓ દ્વારા આધેડ મહિલાને પોતાની વાતોમાં ફસાવી દાગીના પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. શાકભાજી લઈને ઘરે પરત ફરી રહેલી મહિલાને ત્રણ અજાણી સ્ત્રીઓએ નિશાન બનાવી સંમોહિત કર્યા બાદ રૂપિયા ૮૦ હજારની કિંમતના સોનાના દાગીના પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વિજલપોરના ગોકુળ નગરમાં રહેતાં રમાબેન વિશ્વકર્મા (ઉં.વ. ૪૮) શાકભાજી ખરીદી ઘરે જઈ રહ્યાં હતાં.

આ દરમિયાન વિજલપોર ફાટક પાસે એક અજાણી મહિલાએ તેમને અટકાવી એટીએમ મશીન ક્યાં આવેલું છે તે અંગે પૂછ્યું હતું. રમાબેને પોતાને જાણ ન હોવાનું જણાવ્યા બાદ બીજી એક મહિલા ત્યાં આવી પહોંચી હતી. તેણે રમાબેનના માથાના પાછળના ભાગે ટપલી માર્યા બાદ વાતચીત શરૂ કરી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ત્રણેય મહિલાઓએ રમાબેનને પોતાની વાતોમાં એવી રીતે પરોવ્યાં કે તેઓ અર્ધબેભાન જેવી સ્થિતિમાં આવી ગયાં હતાં. ત્યારબાદ તેમને સંભાજી નગર નજીક આવેલા શિવ મંદિર પાસે લઈ જવામાં આવ્યાં હતાં.

અહીં મહિલાઓએ રમાબેનના ગળામાંથી રૂપિયા ૪૦ હજારની સોનાની ચેઈન, રૂપિયા ૨૦ હજારની કાનની કડી અને રૂપિયા ૨૦ હજારની સોનાની વીંટી ઉતરાવી રૂમાલમાં મુકાવી હતી.

આમ, કુલ રૂપિયા ૮૦ હજારના દાગીના પડાવી લીધા બાદ ત્રણેય અજાણી મહિલાઓ રવાના થઈ ગઈ હતી. ગભરાઈ ગયેલી મહિલાએ પરિવારને જાણ કરી નહોતી. બાદમાં સમગ્ર હકીકત સામે આવતાં પરિવારે ત્રણ અજાણી મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાહેર સ્થળોએ અજાણ્યા લોકોની વાતોમાં આવીને કોઈ વસ્તુ કે દાગીના સોંપતાં પહેલાં સાવચેતી રાખવી જરૂરી બની છે.

કેરસી બારીયા

બીલીમોરામાં મચ્છરોનો ઉપદ્રવ વધતા ફોગિંગ - દવાનો છંટકાવ

બીલીમોરા : ઋતુ પરિવર્તનને પગલે બીલીમોરા શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધતાં નગરજનો પરેશાન થયા હતા. મચ્છરોના ઉપદ્રવને કારણે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગચાળાની ભીતિ વચ્ચે પાલિકા દ્વારા ફોગિંગ અને જંતુનાશક દવાના છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાલિકાના આરોગ્ય અને સફાઈ વિભાગ દ્વારા શુક્રવાર સાંજે દેસરા સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ફોગિંગ મશીનો મારફતે ધુમાડો કરી મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કરાયો હતો. મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો પર દવાનો છંટકાવ કરાયો હતો.

પૂરના કારણે નુકસાન હોવા છતાં લાંબા સમયથી સહાય ન મળતા રોષ

પૂરગ્રસ્તો હજુ પણ સહાયથી વંચિત

અંકલાસ, નગવાસ અને ઝરોલીના ગ્રામજનોએ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું

સ્થળ પંચાયત અને સર્વે કરવા છતાં ફાઈલો મંજૂર ન થતાં વળતર ખાતામાં જમા કરાવવા ઉગ્ર માંગ

વલસાડ : વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ગત જુલાઈ મહિનામાં આવેલા ભારે પૂરના કારણે સર્જાયેલી તારાજી બાદ હજુ સુધી અનેક પરિવારો સરકારી સહાયથી વંચિત રહ્યા હોવાની ગંભીર બાબત સામે આવી છે. આ અંગે અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામના પૂરગ્રસ્ત લોકોએ વલસાડ કલેક્ટરની કચેરીએ લેખિત આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક સહાય ચૂકવવાની ઉગ્ર માંગ કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, તારીખ ૨૨ અને ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ પડેલા ભારે વરસાદને કારણે ઉમરગામ તાલુકામાં અચાનક પૂર આવ્યું હતું. આ કુદરતી આફતના કારણે આંબાનપાડા, પારસીપાડા, વડીપાડા, ગઢેરપાડા, ગુરુડપાડા અને વાણીયાપાડા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. નગવાસ ગામના પારસીપાડા, માંગાતપાડા, પટેલપાડા તથા પ્રથમપાડા વિસ્તાર પ્રભાવિત થયા હતાં. ઝરોલી ગામના ગુરુડપાડા અને સોની ફળિયા તેમજ ભીલાડ ગામના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આ અચાનક આવેલ પૂરના પાણી ઘરોમાં ફરી વળવાથી ઘરવખરીને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું.